પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૭ | ૮ ફેબ્રુઆરી, ૨૦૨૧, સોમવાર; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તરાખંડના ચમોલીમાં ગ્લેશિયર તૂટતા તબાહી

**૧૫૦થી વધુ લોકોના મોતની આશંકા : : અનેક લોકો તણાયાંની આશંકા : ૧૦ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા હોવાનું અનુમાન, શ્રીનગર, ઋષિકેશ અને હરિદ્વાર સુધી એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું : સેનાના ૬૦૦ જવાન તૈનાત કરાયા : હરિદ્વાર સુધી એલર્ટ : રેણી ગામમાં મોટી તારાજીની આશંકા, રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે, ધુલિયાગંગા નદીનું પાણીનું લેવલ વધતા ગ્લેશિયર તૂટ્યું, જ્યાં જુઓ ત્યાં તબાહી...તબાહી, ઋષિ ગંગા પ્રોજેક્ટને મોટનું નુકસાન : ધૌલીગંગા નદીમાં પૂરની સ્થિતિ અને પાણી ખુબ ઝડપથી આગળ વધી રહ્યું છે, આસપાસના લોકોને હટાવવામાં આવી રહ્યા છે : મૃતાંક વધે તેવી શક્યતા**









નવી દિલ્હી,તા.૬

ઉત્તરાખંડના ચમોલી જિલ્લા ગ્લેશિયર ફાટતાં મોતી તબાહી મચી ગઈ છે. ચમોલી જિલ્લા જોશીમઠમાં ગ્લેશિયર તૂટવાથી ધૌલીગંગા નદીમાં પૂર આવી ગયું. પાણી ઝડપથી આગળ વધી રહ્યું છે. આસપાસના વિસ્તારમાં પાણી ફેલાવવાની આશંકા છે, જોકે આસપાસના વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. તેનાથી ઋષિગંગા પ્રોજેક્ટને નુકસાન પહોંચ્યું છે. આઈટીબીપી, એનડીઆરએફ અને એસડીઆરજીની ઘણી ટીમો ઘટનાસ્થળે પહોંચી છે. શ્રીનગર, ઋષિકેશ અને હરિદ્વારમાં એલર્ટ છે. ઉત્તરાખંડના સીએમ ત્રિવેંદ્ર સિંહ રાવતે ઘટનાસ્થળ પર પહોંચવાની સ્થિતિની જાણકારી લીધી છે. ઉત્તરાખંડ આઈટીબીપી ડીજી સુરજીત સિંહ દેસવાલના અનુસાર અત્યાર સુધી ૯-૧૦ મૃતદેહ મળી આવ્યા છે. ત્યારે લગભગ ૨૫-૫૦ મજૂર ગુમ છે. ઉત્તરાખંડના ડીજીપી અશોક કુમારે જણાવ્યું કે તપોવન બંધમાં ૧૬ લોકોને પોલીસે સુરક્ષિત સ્થળે મોકલી દીધા છે. ઉત્તરાખંડ ફ્લેશ ફ્લડમાં બચાવ કાર્ય ચાલુ છે.

એજન્સીઓના સૂત્રોના અનુસાર ઉત્તરાખંડ ત્રાસદીમાં પાણીના તેજ પ્રવાહની અસર હાલ હજુ સુધી ફક્ત શ્રીનગર સુધી જ જોઈ શકાય છે. મેદાન વિસ્તારો જેમકે ઋષિકેશ અને હરિદ્વારમાં હાલ તેના અસરની કોઈ સંભાવના નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્લેશિયર કેવી રીતે તૂટે છે?

ગ્લેશિયર વર્ષો સુધી મોટી માત્રામાં બરફ એક જગ્યાએ જમા થવાથી બને છે. તે બે પ્રકારનાં હોય છે- અલ્પાઈન ગ્લેશિયર્સ અને બરફની ચાદરો. પર્વતોનું ગ્લેશિયર અલ્પાઈન કેટેગરીમાં આવે છે. પર્વતો પર ગ્લેશિયર તૂટવાના કેટલાંય કારણો હોઈ શકે છે. એક તો ગુરુત્વાકર્ષણના લીધે અને બીજું ગ્લેશિયરની બાજુઓ પર વધતા તણાવના લીધે છે. ગ્લોબલ વૉર્મિંગના લીધે બરફ પીગળવાથી પણ ગ્લેશિયરનો એક હિસ્સો તૂટીવાથી અલગ થઈ શકે છે. જ્યારે ગ્લેશિયરમાંથી બરફનો કોઈ ટુકડો અલગ પડે છે ત્યારે તેને કલ્વિંગ કહેવામાં આવે છે.

## ગ્લેશિયરનું પૂર કેવી રીતે આવે છે?

હિમનદી ફાટવા અથવા તૂટી જવાને કારણે પૂરના પરિણામો ખૂબ ભયંકર હોઈ શકે છે. આવું સામાન્ય રીતે ત્યારે થાય છે જ્યારે ગ્લેશિયરની અંદર ડ્રેનેજ બ્લોક હોય છે. પાણી તેનો રસ્તો શોધી કાઢે છે અને જ્યારે તે ગ્લેશિયરની વચ્ચેથી પસાર થાય છે ત્યારે બરફ પીગળવાનો દર વધી જાય છે. આથી તેનો રસ્તો મોટો થતો જાય છે અને બરફ પણ ઓગળીને વહેવા લાગે છે. એનસાયક્લોપીડિયા બ્રિટાનિકા અનુસાર તેને આઉટબર્સ્ટ પૂર કહેવામાં આવે છે. આ સામાન્ય રીતે પહાડી વિસ્તારોમાં આવે છે. કેટલાક ગ્લેશિયર દર વર્ષે તૂટે છે તો કેટલાક બે કે ત્રણ વર્ષના અંતરાલે. કયું ગ્લેશિયર કયારે તૂટે છે તેનો અંદાજો લગાવવો અશકય હોય છે.



## વડાપ્રધાન-ગૃહમંત્રીની સતત દેખરેખ હેઠળ રાહત કામગીરી

ન્યુ દિલ્હી,તા.૭

ઉત્તરાખંડના ચમૌલીના રેણી ગામ નજીક ગ્લેશિયર તુટ્યો છે. આ ગ્લેશિયર તુટવાના કારણે અહીંના પાવર પ્રોજેક્ટ ઋષિ ગંગાને મોટું નુંકસાન પહોંચ્યું છે. સાથે જ ધૌલીગંગા ગ્લેશિયરની તબાહી સાથે તપોવનમાં બેરેજને મોટું નુકસાન થયું છે. હાલ રાહત બચાવની કામગીરી માટે તંત્રની ટીમ ઘટના સ્થળે પહોંચી ચુકી છે. આ સમગ્ર ઘટનાને લઈને વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી શાહ સતત નજર રાખી રહ્યાં છે.

વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરી કહ્યું કે, ઉત્તરાખંડની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યો છું. ભારત ઉત્તરાખંડની સાથે છે અને દેશ ત્યાંની દરેકની સલામતી માટે પ્રાર્થના કરે છે. સિનિયર અધિકારીઓ સંપર્કમાં છે અને દ્રઢઈહ્વ તૈનાત કરી દેવામાં આવી છે. બચાવ કાર્ય અને રાહત કામગીરી અંગે સતત અપડેટ મેળવી રહ્યો છું. તેમજ ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરી જણાવ્યું કે, ઉત્તરાખંડમાં આવેલી કુદરતી આપત્તિ અંગે મેં મુખ્યમંત્રી તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી છે.

## મોદી તામિલનાડુ નહીં આવી શકે : ખેડૂત સંગઠનનો દાવો

**દિલ્હી જવાની મંજુરી ન આપતા રોષ : પાંડિયને આક્ષેપ કર્યો હતો કે પીએમ મોદી ખેડૂતોની મદદ કરવાને બદલે કોર્પોરેટ ગૃહોની સંભાળ લઈ રહ્યા છે**

ચેન્નાઈ, તા.૭

ખેડૂત આંદોલન દરમિયાન અવારનવાર તોડફોડ, હિંસા, રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ જોવા મળી રહી છે, બંધારણીય પદ પરના લોકો માટે અપશબ્દોનો પણ ખૂબ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હવે એક ખેડૂત સંગઠને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે આવી ટિપ્પણી કરી છે જે બંધારણીય લોકશાહીના ગૌરવની દ્રષ્ટિએ વાજબી ગણી શકાય નહીં. ઓલ ફાર્મર્સ એસોસિએશન કો-ઓર્ડીનેશન કમિટીએ શનિવારે કહ્યું હતું કે જો ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા અટકાવવામાં આવશે તો વડાપ્રધાનને તામિલનાડુમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. જણાવી દઈએ કે, પીએમ મોદી આ મહિને તામિલનાડુની મુલાકાતે આવનાર છે. એએફએસીસીનું કહેવું છે કે, જો ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી ન અપાઈ અને તેમના ધરણા સ્થળોએ વીજળી-પાણી પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં ન આવ્યો તો વડાપ્રધાનને તામિલનાડુમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સંગઠનના અધ્યક્ષ પીઆર પાંડિયને કહ્યું કે, જો વડાપ્રધાન ખેડૂતોને દિલ્હી આવવા દેતા નથી, તો તમિળનાડુના ખેડૂતો તેમને રાજ્યની મુલાકાત લેવાની મંજૂરી આપશે નહીં. તેમણે દિલ્હી સરહદે કાંટાળા તાર અને પોલીસ બેરિકેડ તાત્કાલિક દૂર કરવાની માંગ પણ કરી હતી. તેમણે કહ્યું, પીએમ મોદીએ અગાઉ તેમને મત આપનારા ખેડુતોને પરેશાન કરવાનું બંધ કરવું જોઈએ. પાંડિયને આક્ષેપ કર્યો હતો કે પીએમ મોદી ખેડૂતોની મદદ કરવાને બદલે કોર્પોરેટ ગૃહોની સંભાળ લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, તેમના શાસનકાળમાં કોર્પોરેટરો દિલ્હીમાં ગમે ત્યાં આઝાદી સાથે ફરી રહ્યા છે, પરંતુ કમનસીબે ખેડુતોને અંદર પ્રવેશવાની મંજૂરી નથી. આ સ્પષ્ટ બતાવે છે કે ભાજપ ખેડૂતોનો આદર નથી કરતી. તેમણે વધુમાં કહ્યું કે, હું સ્પષ્ટ કરું છું કે આ આંદોલન રાજકીય લાભ માટે અથવા સામાન્ય માણસને હેરાન કરવા માટે થઈ રહ્યું નથી.

## આસામને વિકાસ માટે લાંબી રાહ જોવી પડી: મોદી

**ઢેકિયાજુલીમાં મોદીએ આસામ માલા હાઇવે પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો : ટી-કામદારોને મદદ કરી, તો પણ બદનામ કરી રહ્યા છે, દરેક રાજ્યમાં સ્થાનિક ભાષામાં શરૂ થશે મેડિકલ અને ટેક્નિકલ કોલેજ,અગાઉની સરકારો આસામની સમસ્યાઓ કદી સમજી શકી જ નહીં**

સોનિતપુર,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આસામ અને પશ્ચિમ બંગાળના પ્રવાસ પર છે. પહેલા તેઓ આસામ પહોંચ્યા હતા. સોનિતપુરમાં એક રેલીમાં મોદીએ કહ્યું હતું કે દેશમાં સવારના પૂર્વોત્તરથી થાય છે, પરંતુ પૂર્વના વિકાસની સવાર માટે ઘણી રાહ જોવી પડી. છેલ્લા ૧૬ દિવસમાં તેઓ બીજી વખત આ રાજ્યમાં પહોંચ્યા છે. આ પહેલાં તેમણે ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ પર બંને રાજ્યોની મુલાકાત લીધી હતી.

સોનિતપુરના ઢેકિયાજુલીમાં મોદીએ આસામ માલા હાઈવે પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો. વિશ્વનાથ અને ચરાઈદેવમાં એક મેડિકલ કોલેજ અને હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટની કુલ અંદાજિત કિંમત ૧૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જણાવાઈ રહ્યું છે.



શહીદોની શહાદતની સાક્ષી આ આસામની સોનિતપુરની આ ધરતી, આસામનો ભુતકાળ વારંવાર મને આસામીયા ગૌરવથી ભરી દે છે. હિંસા, વંચિતતા, તણાવ, ભેદભાવ, પક્ષપાત, સંઘર્ષ જેવી વાતોને છોડીને સમગ્ર નોર્થ-ઈસ્ટ વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. આસામ તેમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.

આસામના છેવાડાના વિસ્તારોમાં સારી હોસ્પિટલો એક સ્વપ્ન હતુ. સારી હોસ્પિટલો એટલે કલાકોની મુસાફરી અને અસંખ્ય મુશ્કેલીઓ હતી. જેને લઈને લોકો ચિંતા સતાવતી હતી કે કોઈ મેડિકલ ઈમરજન્સી ન આવી જાય. આ સમસ્યાઓ ઝડપથી સમાધાન તરફ આગળ વધી રહી છે. તમે આ તફાવત સરળતાથી જોઈ અને અનુભવ કરી શકો છો. આઝાદી પછીના ૭ દાયકામાં એટલે કે ૨૦૧૬ સુધી આસામમાં ફક્ત ૬ મેડિકલ કોલેજો હતી.

તે લોકો પૂર્વોત્તરથી એટલા દૂર હતા કે તેઓ તમારી સમસ્યાઓ કદી સમજી શક્યા જ નહીં. આજે કેન્દ્રએ આસામના વિકાસ માટે સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરવામાં આવી રહ્યું છે. આસામ પણ દેશની સાથે ખભાથી ખભો મિલાવીને આગળ વધી રહ્યું છે. જે બદલાવો દેશ જોઈ રહ્યો છે તે આસામમાં પણ દેખાઈ રહ્યા છે. આસામમાં આયુષ્યમાન યોજનાનો લાભ ૧.૨૫ કરોડ ગરીબોને મળી રહ્યો છે.

## રાંચી રાજધાની એક્સપ્રેસમાં આગ લાગતા દોડધામ મચી

**ટ્રેનને ગંગા ઘાટ સ્ટેશન પર લાવવામાં આવી હતી અને એન્જિનિયરોને બોલાવીને આગને કાબૂમાં લેવામાં આવ્યો**

રાંચી, તા.૭

રાંચીથી નવી દિલ્હી જતી રાજધાની એક્સપ્રેસમાં આગની ઘટના સામે આવી છે. મુસાફરોને જ્યારે ખબર પડી કે આગ લાગી છે તો દોડધામ મચી ગઈ હતી. મળતી માહિતી પ્રમાણે આગ પાછળથી ચોથા વેગનમાં લાગી હતી. જો કે, આગ પર સમયસર કાબૂ મેળવતા મોટો અકસ્માત ટળી ગયો હતો. ટ્રેન નંબર ૦૨૨૪૧ ગંગા ઘાટ રેલ્વે સ્ટેશન પરથી પસાર થઈ રહી હતી ત્યારે સ્ટેશનના સ્ટાફની નજર વેગનમાં લાગેલી આગ પર પડી ગઈ. તેણે તરત જ ટ્રેનમાં તૈનાત ગાર્ડને જાણ કરી, પછી ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક મારીને ટ્રેન રોકી હતી. સાથોસાથ એન્જિનિયરોને બોલાવ્યા હતા જેઓએ સમયસર આગ પર કાબૂ મેળવી લીધો હતો.

ડીઆરએએમ નીરજ અબસ્ટે રાજધાની એક્સપ્રેસમાં લાગેલી આગની ઘટનાની તપાસના આદેશ આપતા કહ્યું કે, રિપોર્ટ એક અઠવાડિયામાં આવવો જોઈએ. મળતી માહિતી મુજબ ટ્રેનને રાંચી રેલ્વે સ્ટેશનથી સાંજે ૬.૧૦ વાગ્યે દિલ્હી તરફ રવાના કરવામાં આવી હતી.

જ્યારે ટ્રેન ગંગા ઘાટ રેલ્વે સ્ટેશનને પાર કરી ત્યારે ગાર્ડને વોકી-ટોકી પર બાતમી મળી હતી કે એક બોગીમાં આગ ફાટી નીકળી છે. ટ્રેનને ગંગા ઘાટ સ્ટેશન પર લાવવામાં આવી હતી અને એન્જિનિયરોને બોલાવીને આગને કાબૂમાં લેવામાં આવી હતી. જોકે, ટ્રેન સ્ટેશન પર રોકાતા પહેલા ઉતરવાને લઈને મુસાફરોમાં અફરા-તફરી મચી ગઈ હતી.

## નેપાળ-ભારતે ૧૦૮ કિલોમીટર લાંબા નવા બંધાયેલા રસ્તાનું સંયુક્તપણે ઉદ્ઘાટન કર્યું

ન્યુ દિલ્હી,તા.૭

નેપાળ અને ભારતે ૧૦૮ કિલોમીટર લાંબા નવા બંધાયેલા રસ્તાનું સંયુકતપણે ઉદ્ઘાટન કર્યું. આ રસ્તો ભારતીય સરહદને નેપાળના કેટલાંય વિસ્તારો સાથે જોડે છે. ભારતીય દૂતાવાસએ કહ્યું કે ભારતની સહાયતાથી બનેલ રસ્તો ભારતીય સરહદ લક્ષ્મીપુરા-બલારાને નેપાળના સરલાહી જિલ્લાના ગઢૈયા સાથે જોડે છે. ભારતે-નેપાળ સરહદને જોડનાર નવ નિર્મિત રસ્તો લોકોની અવરજવરને સુગમ બનાવશે.



આ માર્ગનું ઉદ્ઘાટન બિરગંજ ખાતે ભારતના કોન્સ્યુલેટ જનરલના નિતેશ કુમાર અને ચંદ્રનિગાહપુરના માર્ગ વિભાગના મંડલીય વડા બિનોદકુમાર મૌવાર દ્વારા સંયુક્ત રીતે કરાયું હતું. કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસના નિવેદન અનુસાર, ભારતના ૪૪.૪૪૮ કરોડ રૂપિયાની ગ્રાન્ટનો ઉપયોગ રસ્તા નિર્માણ માટે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે નેપાળને ભારત વિરૂદ્ધ ભડકાવાનું કામ પાછલા બારણે ચીન સતત કરી રહ્યું છે. પરંતુ આ રસ્તાના ઉદ્ઘાટને બંને દેશ વચ્ચેની મિત્રતાનું 'જીવતું' ઉદાહરણ પૂરું પાડ્યું છે. નોંધપાત્ર વાત એ છે કે ગયા વર્ષે માનસરોવર લિંકને લઈને બંને દેશોની વચ્ચે તણાવ ઉભો થયો હતો ત્યારે નેપાળ દ્વારા ભારતના માર્ગ નિર્માણ અંગે વાંધો ઉઠાવામાં આવ્યો હતો. નેપાળે દાવો કર્યો હતો કે લિપુલેખ, કલાપાની અને લિમ્પિયાધુરા તેમનો વિસ્તાર છે. પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીએ પણ દેશનો નવો નકશો બહાર પાડ્યો હતો.

## દિલ્હીમાં ફેક્ટરીમાં ભીષણ આગ ૧૮૬ ઝૂપડાં બળીને ખાખ થયા

ન્યુ દિલ્હી,તા.૭

રાજધાની દિલ્હીના ઓખલા ફેઝ-૨ના સંજય કોલોનીની એક ફેક્ટરીમાં મોડી રાતે આગ ભભૂકી ઉઠી. જેમાં લાખોની સંપત્તિ સ્વાહા થઈ ગઈ. જ્યારે નજીકમા આવેલા ૧૮૬ ઝૂપડા બળીને ખાખ થઈ ગયા. જો કે આ દુર્ઘટનામાં કોઈ પણ જાનહાનિના અહેવાલ નથી. પરંતુ આગે લાખોની સંપત્તિ અને ઘરો તબાહ કરી નાખ્યા.

કહેવાય છે કે રાતે લગભગ ૨ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ઘટના સમયે લોકો ઝૂપડાંમાં સૂઈ રહ્યા હતા. ત્યારે જ અચાનક ભડભડ ભડકા જોવા મળ્યા. ફેક્ટરીની આગની જ્વાળાઓ ગોદામથી ઝૂપડાં સુધી પહોંચી ગઈ. રાતે ૨:૨૩ વાગ્યે ફાયર બ્રિગેડને આ અંગે સૂચના મળી અને ત્યારબાદ ફાયરની ૨૫ ગાડીઓ ઘટનાસ્થળે આગ બૂઝાવવા પહોંચી ગઈ. ફાયર વિભાગના જણાવ્યાં મુજબ ભીષણ આગમાં ઝૂપડાંની અંદર ફસાયેલા લગભગ ૪૦-૫૦ લોકોને બચાવવામાં આવ્યા. જો કે એક વૃદ્ધ વ્યક્તિ હજુ લાપત્તા છે. જેમની શોધ ચાલુ છે.

**લગભગ ૨ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ઘટના સમયે લોકો ઝૂપડાંમાં સૂઈ રહ્યા હતા : ઝૂપડાંની અંદર ફસાયેલા લગભગ ૪૦-૫૦ લોકોને બચાવવામાં આવ્યા**

ફાયર વિભાગના અધિકારીના જણાવ્યાં મુજબ દિલ્હી ફાયર સર્વિસને સવારે ૨:૨૩ વાગે દિલ્હીના ઓખલા ફેઝ-૨ની સંજય કોલોનીમાં આગ લાગવાની સૂચના મળી હતી. હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. આગ હાલ નિયંત્રણમાં છે અને આગ સંપૂર્ણ રીતે ઓલવવાની કોશિશ ચાલુ છે.